647510 **BA06GujC022B** **Seat No :________**

**B.A. Semester - 6 (*CBCS*) Examination**

**March/April-2026 (NEW COURSE)**

**GUJ P22 Gujarati Vyakaran, Sarjan Lekhan Kaushal-6 (Core -22 (New))**

**Time: 2:30 Hours** **Marks:70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નિચેના કાવ્યનું રસદર્શન કરો. (૧૪)

"પકડો કલમને કોઇ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.
જ્યાં પહોંચવાની ઝંખના વરસોથી હોઇ ત્યાં
મન પહોંચતા જ પાછું વળે એમ પણ બને.
એવું થોડું છેતરે રસ્તા કે ભોમિયા?
એક પગ બીજા પગને છળે એમ પણ બને.
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને.
તું ઢાળ ઢોલિયો: હું ગઝલનો દીવો કરું
અંધારું ઘર ને ઘેરી વળે એમ પણ બંને."

- મનોજ ખંડેરિયા

અથવા

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો.

"મારી આંખે કંકુના સૂરજ આથમ્યા----
મારી વેલ શંગારો વિરા, શગને સંકોરો
રે અજવાળા પહેરીને ઉભા શ્વાસ !
મારી આંખે----
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યા અલકાતા રાજ, ડૂબ્યા મલકતા કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે----
મને રોકે પંછયો એક ચોકમાં;
અડધે બોલે ઝાલ્યો; અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે----"

- રાજીવ પટેલ

પ્રશ્ન-૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સંશોધન કરતી વખતે સંશોધક – સંપાદક પાસે ક્યા ગુણો જરૂરી છે? (૧૪)

અથવા

પ્રશ્ન-૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સંશોધન – સંપાદન કરતી વખતે સંશોધક – સંપાદકને પડતી મુશ્કેલીઓ જણાવો.

પ્રશ્ન-3 સંધિ એટલે શું? તે જણાવીને સ્વરસંધિ અને વ્યંજનસંધિની સદ્રષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 જોડણીભેદ થતાં અર્થભેદ થાય છે, આ બાબત જુદા-જુદા દ્રષ્ટાંતો આપી સમજાવો.

પ્રશ્ન-૪ 'જીવનમાંથી સાહિત્ય અને સાહિત્યમાંથી જીવન' વિષય પર સર્જનાત્મક લેખન કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ તમારી કોલેજમાં યોજાયેલ N.S.S. કેમ્પનું પ્રસંગાલેખન કરો.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇ પણ બેના જવાબ લખો: (૧૪)

1) સર્જનાત્મક લેખન માટે કઇ-કઇ કાળજી રાખવી પડે?
2) પ્રસંગાલેખન કરતી વખતે કઇ-કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ?
3) 'માતૃભાષાઓ મહિમાં' વિષય પર સર્જનાત્મક લેખન કરો.
4) તમારી કોલેજના પુસ્તકાલયનું પ્રસંગાલેખન કરો.

************************